ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગરના નવા જીડીસીઆરને મંજુરી

## ૨૦૨૪ સુધીના વિકાસ નકશાને રાજ્ય સરકારે મંજૂરીની મહોર મારી : નવા જીડીસીઆર અને વિકાસ નકશાને મંજૂરી મળતાં જ પાટનગરના વિકાસને નવો વેગ અને દિશા મળશે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત સરકાર દ્વારા ગાંધીનગર શહેર અને ગુડા વિસ્તારના વિકાસ માટે નવા જી.ડી.સી.આર.ને આજે મંજૂરીની મહોર મારી દીધી છે અને આ અંગેનું જાહેરનામુ આગામી એક-બે દિવસમાં શહેરી વિકાસ વિભાગ દ્વારા જારી કરવામાં આવશે.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને શહેરી વિકાસ વિભાગના મંત્રી નીતિનભાઈ પટેલે આજે આ અંગેની મંજૂરીની મહોર મારી દેતાં પાટનગરના વિકાસને નવી દિશા મળશે.

ત્રણ વર્ષ અગાઉ નવો વિકાસ નકશો ગુડા દ્વારા તૈયાર કરી રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. સરકારશ્રીએ આ અંગે પુખ્ત વિચારણાને અંતે આજે મંજૂરીની મહોર મારી દીધી છે.

રાજ્ય સરકારના આ નિર્ણયના વધામણા કરતાં ગુડાના ચેરમેન આશિષ દવેએ નાયબ મુખ્યમંત્રી અને મુખ્યમંત્રી ગાંધીનગરના વિકાસને જે નવી દિશા આપી છે તે માટે વિશેષ આભાર માની જણાવ્યું છે કે વિકાસ વેગીલો હશે અને ગ્રીનસીટી-ક્લીનસીટીની સરકારની વિભાવનાને સાકાર કરશે.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે તાજેતરમાં જ સે. ૩૦ ખાતે યોજાયેલ એક ખાતમુહૂર્ત કાર્યક્રમ વખતે જ સરકાર દ્વારા નવા વિકાસ પ્લાનને મંજૂરી આપી દેવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત આપ્યા હતા.

આ અંગે ગાંધીનગર બિલ્ડર એસોસીએશને પણ સરકારમાં મંજૂરી આપવા માટે રજૂઆતો કરી હતી.

આ નવા વિકાસ નકશામાં એફ.એસ.આઈ.માં વધારા ઉપરાંત બહુમાળી મકાનો બનાવવા માટેની મંજૂરી સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે. આ નવા વિકાસ પ્લાનથી સરકારના સૌનો સાથ સૌનો વિકાસનું સૂત્ર પણ સાર્થક થશે.

આ નવા વિકાસ પ્લાનને કારણે શહેરમાં બાંધકામ ઉદ્યોગ પુનઃ ધમધમતો થશે એટલુ જ નહિ પણ વિવિધ સેક્ટરોનું જે રીતે ઝોનીંગ કરવામાં આવ્યુ છે તેને કારણે વિકાસ સંતુલિત થશે.

શહેરી વિકાસ વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ અંગેનું સત્તાવાર જાહેરનામુ આગામી એક-બે દિવસમાં જારી કરી દેવાશે.

ગુડાએ ૨૦૨૪ સુધીનો એક્શન પ્લાન તૈયાર કર્યો હતો. જેમાં બાંધકામના ઘણા બધા ધારાધોરણો નક્કી કરવામાં આવ્યા છે.

આ નવો વિકાસ નકશો જાહેર થતાં બિલ્ડીંગની ઊંચાઈ, ઓપન માર્જીનલ સ્પેશ સહિતના મુદ્દાઓ પર જે અવઢવની સ્થિતિ હતી તેનાથી મુક્તિ મળશે. આ મંજૂરીની સાથે જ તેના પરિણામો પણ આગામી એકાદ-બે વર્ષમાં જ જોવા મળશે.

## આજે જિલ્લા પ્રભારી મંત્રીના અધ્યક્ષપદે ડિસ્ટ્રીક્ટ હેલ્થ મિશનની વાર્ષિક સમીક્ષા બેઠક

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણીના અધ્યક્ષપદે ડીસ્ટ્રીક્ટ હેલ્થ મિશનની વર્ષાન્તે કાર્યવાહીની સમીક્ષા બેઠક કલેક્ટર કચેરી ખાતે મળશે.

આ બેઠક જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણીના અધ્યક્ષસ્થાને પ્રથમવાર મળી રહી છે. આ બેઠકમાં રાષ્ટ્રીય હેલ્થ મિશન અંતર્ગત ચાલતી વિવિધ યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરવામાં આવશે.

પ્રભારી મંત્રીના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં જિલ્લા કલેક્ટર સતીષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, આરોગ્ય સમિતિના ચેરમેન આશાબા રાઠોડ ઉપરાંત પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેન તેમજ ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ અને ધારાસભ્યો ઉપસ્થિત રહેનાર છે.

૪૦થી પણ વધુ આરોગ્યલક્ષી કાર્યક્રમોની આ બેઠકમાં સમીક્ષા કરવામાં આવનાર છે.

આ બેઠકમાં રાજ્ય સરકારે તાજેતરમાં અમલી બનાવેલ આરોગ્ય સેતુ કાર્યક્રમના અમલીકરણની પણ વિશેષ સમીક્ષા કરવામાં આવનાર છે.

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ બેઠકમાં જિલ્લાને રાષ્ટ્રીય હેલ્થ મિશન તરફથી મળતી ગ્રાન્ટ અને તેના થયેલા ખર્ચની પણ સમીક્ષા કરવામાં આવશે. આ ઉપરાંત વિવિધ કાર્યક્રમોના લક્ષ્યાંક સિદ્ધિ અંગે પણ સમીક્ષા કરવામાં આવનાર છે.

સાંજે ૬ વાગે કલેક્ટર કચેરીના સભાખંડમાં મળનારી આ બેઠકને લઈ આરોગ્યતંત્રએ એક ખાસ પાવર પોઈંટ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરેલ છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા ૨૦૨૨માં મેલેરિયા નાબુદી અભિયાન અંગે સરકાર દ્વારા અમલી બનનાર પ્રોજેક્ટને લઈ પણ ચર્ચા-વિચારણા કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.



ઠંડા પાણીની પરબ - ધોમ ધખતા તાપમાં ઠંડા પાણીથી જીવ માત્ર રાહત પામે છે... ગુજરાતી સંસ્કાર અને સંસ્કૃતિની પરંપરા છે કે, ગરમીમાં તરસ્યાને પાણી પીવડાવવાની સેવા ઉત્તમ સેવા છે... ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં અનેક સેવાભાવી દાતાઓએ ઠેર ઠેર ઠંડા પાણીની પરબો માંડી છે...

## મેયરના પક્ષાંતર ભંગના કેસમાં વધુ એક મુદત : સુનાવણી ૨૭મીએ થશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયરની સામે કરાયેલ પક્ષાંતર ધારા કેસમાં સુનાવણી ૨૭મી પર મુલ્તવી રાખવામાં આવી છે.

આજે નામોનિર્દિષ્ટ અધિકારીની કોર્ટમાં આ અંગે સુનાવણી હાથ ધરાય તે પૂર્વે મેયરના વકીલ કમલ બ્રહ્મભટ્ટે મેયરની માતુશ્રીના થયેલા દુઃખદ અવસાનનું કારણ રજુ કરી રજૂઆત કરી હતી કે છેલ્લી સુનાવણી હોવાથી તેઓ હાજર રહેવા માંગે છે પરંતુ સામાજિક કારણોસર હાજર રહી શકુ તેમ નથી તો મુદત આપવી જોઈએ.

કોંગ્રેસના વકીલે આ અંગે વિરોધ વ્યક્ત કર્યો હતો તેમજ વિરોધનું નોટીંગ કરવાનો પણ આગ્રહ કર્યો હતો. જો કે સુનાવણીની અંતે નામોનિર્દિષ્ટ અધિકારીએ ૨૭મી સુધી સુનાવણી મોકૂફ રાખવાનો આદેશ કર્યો હતો.

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર પ્રવિણ પટેલ સામે કોંગ્રેસ પક્ષ વતી શૈલેન્દ્રસિંહ બિહોલાએ પક્ષાંતર ભંગની ફરિયાદ કરેલી છે. છેલ્લા એક વર્ષથી આ કેસ ચાલી રહ્યો છે. આ કેસની ૨૭મીએ આખરી સુનાવણી થાય છે કે પછી

● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાત ભાજપ પ્રભારી તરીકે ભૂપેન્દ્ર યાદવ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત ભાજપના પ્રભારી તરીક રાજસ્થાનના સાંસદ ભૂપેન્દ્ર યાદવની નિમણુંક કરવામાં આવી છે.

ગુજરાત ભાજપના પ્રભારી દિનેશ શર્મા ઉત્તરપ્રદેશમાં નાયબ મુખ્યમંત્રી બનતા તેમની કામગીરીમાં વધારો થતા ગુજરાતના પ્રભારી તરીકેના હવાલામાંથી તેમને મુક્ત કરીને ગુજરાત ભાજપના પ્રભારી તરીકે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને રાજસ્થાનના સાંસદ ભૂપેન્દ્ર યાદવની નિમણૂંક કરવામાં આવતા ગુજરાત ભાજપ દ્વારા તેમની નિમણૂંકને આવકારવામાં આવી હતી.

ગુજરાત પ્રભારી તરીકે નિમણૂંક કરવામાં આવતાં પ્રભારી ભૂપેન્દ્ર યાદવ આગામી ટૂંક સમયમાં ગુજરાતના પ્રવાસે આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

## સે-૧ અને ૨ના માર્ગોની સુધારણાનુ કામ આરંભાશે

### માર્ગ સુધારણ માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઈ : સે- ૩ થી ૫ માં માર્ગ સુધારણાની કામગીરીમાં વિલંબ થતા સ્થાનિકોમાં રોષ

ગાંધીનગર તા ૧૮

શહેરમાં નવા સેકટરોમાં પાંચ વર્ષના અંતે પણ હજુ માર્ગ સુધારણાના કામનુ ઠેકાણુ પડયુ નથી. સે-૧ થી ૫ માં માર્ગો બિસ્માર હાલતમાં જોવા મળી રહયા છે. જો કે કોર્પોરેશન દ્વારા સે ૧ અને ૨ માં માર્ગોની દશા સુધારવા માટે રૂ ૫ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. આ કામગીરીને અનુલક્ષી તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે બન્ને સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાશે. ચોમાસા પુર્વે નવા સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી પુર્ણ કરી દેવાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરના જુના અને નવા સેકટરોમાં માર્ગો કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. સેકટરોમાં આંતરિક માર્ગાની સુધારણા માટે તંત્ર દ્વારા લાંબા સમયથી દરખાસ્ત રજુ કરવામાં આવી છે. પરંતુ વિભાગ કક્ષાએથી દરખાસ્તને મંજુરી ન અપાતા હજુ સુધી આ કાર્યયોજના

● અનુસંધાન પાન-૭ પર


બેસણું



અમારા પૂ. માતૃશ્રી **સોનીબેન જેઠાલાલ પરમાર**નું દુઃખદ અવસાન તા. ૧૮-૪-૧૭ને મંગળવારના રોજ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૧-૪-૧૭ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

લૌકિક ક્રિયાઃ-ગુરુ, શુક્ર, શનિ-તા. ૨૦, ૨૧, ૨૨-૪-૧૭

સ્થળઃ ૧૩૧/૧, મહાકાલીભવન, બોરીજ, ગાંધીનગર

ગીરીશભાઈ જેઠાલાલ પરમાર
વિષ્ણુભાઈ જેઠાલાલ પરમાર
નીતીનભાઈ જેઠાલાલ પરમાર
તથા સમસ્ત પરમાર પરિવાર

સોમાભાઈ લલ્લુભાઈ પરમાર (મા.મ.વિ.)
રમેશભાઈ જેઠાલાલ પરમાર (મા.મ.વિ.)
મહેન્દ્રભાઈ જેઠાલાલ પરમાર (મા.મ.વિ.)
બાબુલાલ જેઠાલાલ પરમાર (મા.મ.વિ.)

બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી
**શાંતિભાઈ શંકરપ્રસાદ શુક્લ**
(નિવૃત્ત સચિવ, કાયદા વિભાગ, ગાંધીનગર)
નું તા. ૧૬-૦૪-૨૦૧૭ને રવિવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૦-૪-૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૦:૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :- મહારાષ્ટ્ર ભવન, સે. ૨૧, ગાંધીનગર

ચૈતન્ય શાંતિભાઈ શુક્લ
(ઈમ્પેક્ષ ઈન્ડસ્ટ્રીઝ)

**અમારા લાડલા ડો. પ્રશાંત મેરજાની ૯મી વાર્ષિક સ્મૃતિએ ભાવવંદના**



ડો. પ્રશાંત મેરજા
તા. ૨-૫-૮૫થી સદાકાળ
'ધી કેપિટલ વિલા'
બંગલા નં. ૩૫૩
સેક્ટર-૮, ગાંધીનગર

આપની વિદાયને
નવ નવ વર્ષ વિતી ગયા,
ખાલીપો અમારા હૃદયને
હજુય કોરી ખાય છે.

**પ્યારા પ્રશાંતને પુષ્પાંજલિ**

રિન્કુ સન્ની મેરજા
સુશીલા બ્રિજેશ મેરજા
રેખા રમેશ મેરજા
ચિ. પાયલ અને જય
ભાવના સુરેશકુમાર સરડવા
ચાર્મી રાજ પટેલ
પૂ. બા પૂ. બાપુજી
મેરજા પરિવાર-મોરબી


## મનપા દ્વારા ૧૫ હોટલ-પાર્લરમાંથી નમૂના લેવાયા

### મનપા દ્વારા કરાયેલી તપાસમાં ૪ નમૂના સબસ્ટાર્ન્ડડ જણાયા : ૬ નમૂના પૃથ્થકરણ માટે મોકલાયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૧૫ જેટલા વિવિધ હોટેલ્સ અને પાર્લરમાંથી નમૂનાઓ મેળવી તેને પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવેલ છે.

મનપા દ્વારા કરાયેલી આ તપાસમાં ઓનેસ્ટ રેસ્ટોરન્ટ સે. ૧૧, ડ્રીમફૂડ (જયભવાની) સે. ૧૧ના બે નમૂના સબસ્ટાન્ડર્ડ જણાઈ આવેલ છે જ્યારે ફોરચ્યુન ઈન હવેલી સે. ૧૧માંથી કાચા મરીનો લેવાયેલ નમૂનો અનસેફ ફૂડ જણાય આવેલ છે. આજ હોટલમાંથી મીથી આચારનો નમુનો પણ મીસ બ્રાન્ડેડ જણાયો હોવાનું તંત્રના સૂત્રોએ તેમની સત્તાવારયાદીમાં જણાવ્યું છે.

મનપાની સત્તાવાર યાદીમાં જણાવાયા મુજબ હરીઓમ પાર્લર સે. ૨૨, ઈનોક્ષ (આર.વર્લ્ડ) સે. ૨૧ ઓનેસ્ટ રેસ્ટોરન્ટમાંથી લેવાયેલા નમૂનાઓ માહી તાજા દૂધ, સમોસા, કેમીકા ચુન્ડી સાલસા, લુઝ મરચાના નમુના પાસ થઈને આવ્યા છે.

આ ઉપરાંત અંબિકા સ્વીટ માર્ટ સે. ૧૬, ક્વોલીટી રસ કોર્નર, તાજ ફૂડપ્રોડક્ટ સે. ૨૮, અંબિકા સ્વીટ એન્ડ નમકીન સે. ૨૪, પટેલ ફૂડ પ્રોડક્ટસ સે. ૨૫ અને હેવમોર આઈસક્રીમ (કલરવ સેલ્સ) ઘ-૨ના નમુનાઓ પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવેલ છે.

છેલ્લા બે દિવસથી તંત્ર દ્વારા સઘન સર્વેલન્સ અને દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જે ઉલ્લેખનીય છે.

## એલ ઈ ડી લાઈટની જાળવણી માટે હેલ્પલાઈન શરૂ કરાશે

### રહીશો ફરિયાદ કરી શકશે : ત્રણ મહીનાના અંતે પણ સેકટરોમાં સ્ટ્રીટ લાઇટો ડુલ રહેતી હોવાની ફરિયાદોનુ પ્રમાણ વધુ

ગાંધીનગર તા ૧૮

શહેરમાં એલ ઈ ડી લાઈટોનુ અજવાળુ પથરાયા બાદ ત્રણ મહીનાના અંતે પણ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ હોવાની અનેક ફરિયાદો રોષનુ કારણ બની છે. સેકટરોમાં સતત કેબલ ફોલ્ટના લીધે લાઈટો ડુલ હોવાથી સાંજ ઢળતા જ ઘણાં ઠેકાણે અંધારપટ્ટ છવાઈ જાય છે. જો કે તંત્ર દ્વારા જે એજન્સીને એલ ઈ ડી લાઈટના પ્રોજેકટની જાળવણીનુ કામ સોપવામાં આવ્યુ છે. તેના દ્વારા ટુંકમાં જ નગરજનો માટે હેલ્પલાઈન શરૂ કરવામાં આવશે.

શહેરમાં અગાઉ સ્ટ્રીટ લાઈટની જાળવણીની જવાબદારી ટોરેન્ટ પાવર લી ના શિરે હતી. જયારે એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી થયા બાદ આ જવાબદારી અન્ય એજન્સીને સોંપવામાં આવી છે. શહેરના સેકટરો તેમજ મુખ્યમાર્ગો આસપાસ હાલ એલ ઈ ડી લાઈટની જળહળા જોવા મળી રહી છે. પરંતુ એલ ઈ ડી લાઈટો ફીટ કરાયા બાદ સેકટરોમાં અંધારપટ્ટની ફરિયાદો વધી છે. અગાઉ સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ ટોરેન્ટ દ્વારા સંભાળવામાં આવતુ હતુ જયારે એલ ઈ ડી લાઈટના ફીટીંગ બાદ આ ફરિયાદોનુ નિવારણ આવી જશે તેવી આશ આમ નાગરિકોમાં પ્રબળ બની હતી. પરંતુ સેકટરોમાં હાલ પણ એલ ઈ ડી લાઈટો ડુલ હોવાની ફરિયાદો વિશેષ છે. શહેરમાં છેલ્લા ત્રણ મહીનાથી એલ ઈ ડી લાઈટો જબુકી રહી છે. પરંતુ સેકટરોમાં ઘણીવાર લાઈટો ડુલ રહેતા સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જાય છે. આવા સંજોગોમાં બંધ લાઈટો અંગેની ફરિયાદો સંદર્ભે પણ ક્યાં રજુઆત કરવી તે અંગે પણ સ્થાનિક વસાહતીઓ અજાણ હોય તેવી સ્થિતિ છે. આ મામલે તંત્ર દ્વારા અગાઉ હેલ્પલાઈન શરૂ કરવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. જો કે હજુ સુધી હેલ્પલાઈન કાર્યરત થઈ નથી. સુત્રોના જણાંવ્યા મુજબ જવાબદાર એજન્સી દ્વારા આગામી એક સપ્તાહમાં જ હેલ્પલાઈન શરૂ કરી દેવાશે. હાલ કેબલ ફોલ્ટના લીધે લાઈટોની ફરિયાદો નિવારવા માટે ટીમ કાર્યરત છે. જો કે હેલ્પલાઈન કાર્યરત થયા બાદ જ રહીશોની ફરિયાદોનુ ત્વરિત નિરાકરણ આવશે તેમ પણ મનાઈ રહયુ છે. સે-૮ માં જ એલ ઈ ડી લાઈટની જવાબદારી સંભાળતી એજન્સીની કચેરી કાર્યરત થશે.


www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ** ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com